Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-13, Issue-2, September-2019
Impact Factor:4.081
www.researchguru.net

# ૨૧મી સદીમાં ખાદીનો બદલાતો પરિપ્રેક્ષ્ય

## (ખાદી અને મિલ કાપડ ઉદ્યોગના સંદર્ભમાં)

**ડૉ.પ્રવીણકુમાર પી.રાઠોડ**

SPA, આયોજન કચેરી, મહેસાણા

*ટૂંકસાર*

*ખાદીના વિચારને અહીંસા અને આઝાદીના પરિપેક્ષ્યમાં ગાંધીજી દ્વારા વર્ષ ૧૯૧૮માંમુકવામાં આવ્યો જેના આ વર્ષે પુરા ૧૦૦ વર્ષ થઇ ગયા ૨૦મી સદીમાં ગાંધીજી દ્વારા આપવમાં આવેલા ખાદીના વિચારને ૨૧મી સદીમાં નવા પરિપેક્ષ્યમાં જોવો જરૂરી છે સુદર્શન આયંગાર અને નિમિષા શુક્લ દ્વારા તાજેતરમાં ખાદીને ઊર્જા બચત ઉત્પાદન પદ્ધતિના સંદર્ભમાં અભ્યાસ કરવામાં આવ્યો જેમાં ખાદીને એક નવા જ પરિપ્રેક્ષ્યમાં જોવામાં આવી. ૨૧મી સદીમાં ખાદીને ઉત્પાદકતા સિવાય અન્ય પરિપ્રેક્ષ્યમાં જોવી જરૂરી છે તેથી આ અભ્યાસમાં આ બાબત પર વધુ ભાર મુક્યો છે આ અભ્યાસ ગૂજરાત વિદ્યાપીઠમાં પી.એચ.ડી.નાકરેલ અભ્યાસના અંશો મુકવાનો પ્રયત્ન કરેલ છે આશા છે કે ખાદી અને ગાંધી વિચાર પર કામ કરતા સંશોધકો અને શિક્ષકોને આ પેપર ઉપયોગી બની શકે.*

***મુખ્યશબ્દો-*** *ખાદી, ઉર્જા, મિલ કામદારો, ખાદી કામદારો, ઉત્પાદકતા, જીવનનિર્વાહ, અરવિંદ મિલ*

**૧ પ્રસ્તાવના :-**

આજે આપણે દેશમાં આઝાદીના ૭૦માવર્ષની ઊજવણી કરી રહ્યા છીએ ત્યારે આ ૭૦ વર્ષમાં ભારતમાં એક એવા અર્થતંત્રની રચના થઈ છે કે જ્યાં પાંચ મણ જુવારની બોરી એક સાથે ઉપાડી શકનાર મજૂર તેને એક સાથે ખરીદી શકતો નથી, એક સાથે ખરીદી શકનાર શેઠ તેને ઉપાડી શકતો નથી. ભારતની રાષ્ટ્રીય આવકનો મોટો હિસ્સો વસ્તીના થોડા ભાગને મળે છે, અને વસ્તીના મોટા ભાગને ફાળે બહુજ ઓછી આવક પ્રાપ્ત થાય છે. દેશમાં આવકની અસમાનતા સાથે સામાજિક અસમાનતા અને ધાર્મિક અસમાનતામાં વધારો થતો જાય છે, ગાંધીના સ્વપ્નનું ભારત આવું હોઈ શકે ખરું?

વિશ્વનાં અર્થતંત્રોના સંચાલનનો અભ્યાસ કરતાં જણાય છે કે અર્થતંત્ર એક નિશ્ચિત પદ્ધતિ સાથે કાર્ય કરતું હોય છે. અર્થતંત્રમાં આર્થિક ધ્યેય સાથે આર્થિકપદ્ધતિ સંબંધ ધરાવે છે. ધ્યેયની સાથે સુસંગત હોય તે પ્રકારની સાધનસંપત્તિની માલિકી નક્કી થાય છે. ઉત્પાદનવ્યવસ્થા નક્કી થાય છે,તેમજ વહેંચણીની વ્યવસ્થા છે અને આર્થિક સત્તા પણ તે જ સંદર્ભમાં ગોઠવાય છે.

રાષ્ટ્રોના આર્થિક ધ્યેયમાં આર્થિક વિકાસ, પ્રજા માટે મહત્તમ રોજગારી, મહત્તમ આર્થિકસુખાકારી અને આર્થિક સમાનતાને સમાવાય છે. તેથી ૧૯૯૦થી વિશ્વ વિકાસઅહેવાલ વિશ્વબેંક દ્વારા ગરીબીના પ્રશ્ન ઉપર તૈયાર કર્યો હતો. ૧૯૯૭થી યુનાઇટેડ નૅશન્સ ડેવલોપમેન્ટ પ્રોગ્રામ દ્વારા 'માનવ વિકાસ અહેવાલ' પણ ગરીબીના પ્રશ્ન પર કેન્દ્રિત થયેલો છે

વર્તમાન સમયમાં વિશ્વના વિકસતા દેશોમાં ગરીબી, બેકારી અને પર્યાવરણના પ્રશ્નો દૂર કરી રાષ્ટ્રો વિકાસના ધ્યેયને હાંસલ કરવા માટે કેવી આર્થિક વ્યવસ્થા હોવી જોઇએ તે સંદર્ભના મૌલિક, વિગતવાર અને વ્યહવારિક વિચારો સમજાવનાર ગાંધીજી હતાં ગાંધીજીના વિવિધ આર્થિક અને પ્રજાકલ્યાણના વિચારોમાં એક વિચાર ખાદી પણ હતો. ખાદી એ ભારતના કાપડઉદ્યોગ સાથે જોડાયેલ છે. ભારતનો કાપડઉદ્યોગ પ્રાચીન કાળથી પ્રચલિત છે. હડપ્પીયસંસ્કૃતિ અને મોહેંજોદડો યુગમાં તેના પુરાવા મળે છે. મધ્યયુગમાં પણ કાપડઉદ્યોગ યોગ્ય રીતે વિકાસ પામ્યો હતો. આ સમયે ઢાકા તેના મલ-મલ કાપડ માટે પ્રખ્યાત હતું. અંગ્રેજોના આગમન પૂર્વેનો ભારતનો કાપડઉદ્યોગ એ મુખ્ય મુખ્યત્વે હાથવણાટનો ઉદ્યોગ હતો. જેમાં ભારતનાં હજારો ગરીબકુટુંબોને રોજગારી મળતી હતી. પરંતુ અંગ્રેજોની કૂટનીતિ, પાવરલૂમ ટેક્નોલોજીનો વિકાસ અને બાહ્ય પરિબળોને લીધે ભારતનાકાપડઉદ્યોગ સાથે સાથે ભારતનાં ગામડા અને ત્યાં વસતાં ગરીબકુટુંબો બેરોજગાર બન્યાં. અંગ્રેજો કાચોમાલ પોતાના દેશમાં લઈ જઈ ત્યાં કાપડ તૈયાર કરી ભારતમાં લાવતા, જેના લીધે

ભારતનો કાપડઉદ્યોગ નાશ પામ્યો. અંગ્રેજોની આવી નીતિથી ભારતના ઘણા નેતાઓમાં અસંતોષ ફેલાયો, જેમાંના એક દાદાભાઇ નવરોજી પણ હતા કે, જેમણે ૨૦મી સદીમાં ભારતની ગરીબ વસ્તી માટે કુટીર ઉદ્યોગોના વિકાસની હિમાયત કરી. મહાત્મા ગાંધીએ પણ અંગ્રેજો સામેની લડત માટે સ્વદેશી ભાવના દ્વારા ખાદીને અપનાવવાનું આહ્વાન કર્યું અને સાથે રેંટિયો અપનાવ્યો હતો.

"જે.સી.કુમારપ્પા જણાવે છે કે ગાંધીજી સમજી ગયા હતા કે હિંદુસ્તાનની પડતીના કારણો રાજકીય કરતાં આર્થિક વધારે છે. તેથી તેમણે એકલે હાથે રેટિંયાની પ્રવૃત્તિ શરૂ કરવાનો બોજો અને તેમના પર વરસેલી મશ્કરી અને નિંદાની ઝડીઓ વેઠી લીધી".[1]

"જી.ડી.એસ.કાર્લે જણાવે છે કે ખાદી ઉદ્યોગના વિકાસ માટેનું ગાંધીજીનું અભિયાન ભારતના ગ્રામીણ ક્ષેત્રની ગરીબાઈ નિવારી જીવનધોરણ ઊંચું લાવવાનો વ્યવહારુ માર્ગ છે".[2]

ગુન્નાર મિરડાલનું મંતવ્ય છે કે ,

"ગાંધીજી ખાદી ગ્રામોઉદ્યોગઅંગેનું અર્થશાસ્ત્ર આજે પણ એટલું જ સાચુ અથવા જરૂરી છે જેટલું પહેલાં હતું; જે કંઇ ઔધોગીકરણ થયું અને થશે, તેથી કંઈ બેકારીની સમસ્યા ઊકલી જવાની નથી"[3] ગુન્નાર મિરડાલ આગળ જણાવે છે કે ખાદીઉદ્યોગ સામે મિલ ઉદ્યોગ આવશે તો લાખો માણસોનો રોટલો ઝૂંટવાઇ જશે અને તેઓ બીજી રોજી મેળવી શકશે નહીં કાપડઉદ્યોગોશરૂ થતાં કાંતણવણાટ બંધ થયું તેથી બેકારી વધી છે, જેણે યંત્ર ઉદ્યોગના ફાયદા ધોઈ નાખ્યા છે[4]

રિચાર્ડ ગ્રેગ જણાવે છે કે ખાદીનો કાર્યક્રમ એ વિજ્ઞાનનો ઇન્કાર નથી પણ ઉષ્માગતિશીલતાના બીજા નિયમનો અત્યંત ડહાપણભર્યો વિનિયોગ છે. ભારતની ચાલુ પરિસ્થિતિમાં બીજી કોઇ પણ યંત્રો કરતાં આ સાધનો સહુથી વધુ બંધબેસતા છે[5]

આગળના દરેક મંતવ્ય ભારતની વર્તમાન સમસ્યાઓ જેવી કે ગરીબી, બેકારી, પર્યાવરણવગેરેને દેશમાંથી બહાર કાઢવા માટે અથવા આવી પરિસ્થિતિને પહોંચી વળવા માટે ગાંધીજીના ખાદી અને ગ્રામોદ્યોગનો વિકાસ અને પ્રભુત્વ સ્વીકાર્ય છે.

**૨ વિષયપસંદગી**:-

ગાંધીજીનાઆર્થિકવિચારો દ્વારા આર્થિક વિકાસ માટેની ચોક્કસ પસંદગીઓની માહિતી મળે છે. અમર્યાદિત માંગને બદલે જરૂરિયાત અને વિકાસલક્ષી માંગના ઉત્પાદનની શહેરોને બદલે ગ્રામીણક્ષેત્રેનો વિકાસ,યંત્રપ્રધાન મોટા ઉદ્યોગોને બદલે નાના શ્રમપ્રધાન ગ્રામોદ્યોગ, કેન્દ્રીય આયોજનને બદલે વિકેન્દ્રિત સ્થાનિક આયોજન, પશ્ચિમી મૂડીવાદી અર્થવ્યવસ્થાને સ્થાને સહકારપૂર્ણ વિકેન્દ્રિત સરળ સાધનો ધરાવતી અર્થવ્યવસ્થા,પશ્ચિમી આર્થિક સંસ્થાઓને સ્થાને ભારતીય સંસ્થાઓનો સ્વીકાર અને સંવર્ધન, વિશ્વબજાર અને વિદેશી વસ્તુઓને બદલે રાષ્ટ્રનું બજાર અને સ્વદેશી વસ્તુઓનું મહત્વ, મિલના કાપડ સામે ખાદીના કાપડનો સ્વીકાર, ઉપરોક્ત ગાંધીજીના વિચારોને જોતા દેશના આર્થિક ઉદ્દેશ્યો સર્વોદયથી શરૂ થતા હોય એમ લાગે છે.

ઉદ્યોગીકરણના ફાયદા કરતાં ગેરફાયદાનું પ્રમાણ પણ વધારે જણાય છે, દા.ત. ભારતના સંદર્ભમાં વાત કરીએ તો દેશની વસ્તી'વસ્તીગણતરી એહવાલ ૨૦૧૧' મુજબ ૧૨૫ કરોડની ઉપર છે, આ વસ્તી જીવાડવા માટે મૂડીપ્રધાન ઉદ્યોગ એક મર્યાદા બને છે, ભારતમાં શ્રમપ્રધાન ઉદ્યોગને બદલે મૂડીપ્રધાન ઉદ્યોગને મહત્વ આપતાં બેકારી,ભૂખમરો,પર્યાવરણના પ્રશ્નો, સામાજિક ગુનાખોરી,આર્થિક અસમાનતા વગેરે પ્રશ્નો ઘેરા બન્યા છે. વિકાસની આડેધડ દોડને કારણે નાના કુટિરઉદ્યોગો ઝડપભેર નાશ પામી રહ્યા છે, દેશ બહુ મોટી આર્થિક, સામાજિક કટોકટીનો સામનો કરી રહ્યો છે, આ

---

[1]જે.સી.કુમારપ્પા ગ્રામોદ્યોગ પ્રવૃત્તિ ,ચોથી આવૃતિ ૧૯૫૩.પૃ-૧૫૯

[2] જી.ડી.એચ .કોર્લેGandhi The Man and His Thought New Delhi,ભારત સરકાર
સંદર્ભે લીધો - વિઠ્ઠલદાસ કોઠારી 'ગાંધીજીનું અર્થદર્શન',ગૂજરાત વિદ્યાપીઠ ૧૯૯૭,પૃ.૫૩

[3]ગુન્નાર મિરડાલ, Asian Drama
સંદર્ભ લીધો વિઠ્ઠલદાસ કોઠારી 'ગાંધીજીનું અર્થદર્શન', ગૂજરાત વિદ્યાપીઠ૧૯૯૭,પૃ.૫૩

[4]ગુન્નાર મિરડાલ, Asian Drama
સંદર્ભ લીધો વિઠ્ઠલદાસ કોઠારી, ' ગાંધીજીનું અર્થદર્શન ગૂજરાત વિદ્યાપીઠ, પ્રેસ ૧૯૯૭,પૃ.૫૩

[5]રિચાર્ડ ગ્રેગ 'Economics of Khaddar' પૃ-૧૦૫
સંદર્ભ લીધો શ્રી મન્નારાયણ ગાંધીવાદી અર્થશાસ્ત્રની સંગતતા યુનિ.ગ્રંથનિર્માણ બોર્ડ,ગુજરાત રાજ્ય પૃ-૪

બધાને પરિણામે ભારતની પરિસ્થિને અનુરૂપ "વિકાસનું મોડલ" અનુસરવાનો સમય આવ્યો છે, ખાદીએ દેશનો વર્ષો જૂનો શ્રમપ્રધાન, પર્યાવરણીય રીતે સુસંવાદિત એવો ગૃહઉદ્યોગ હતો આ ગૃહઉદ્યોગ પાવરલૂમ ટેકનોલોજીને કારણે ક્રમશઃ નષ્ટ પામ્યો છે. વર્તમાનમાં ભારતમાં જે પરિસ્થિતિ છે તે જોતાંઝડપી પ્રગતિ છતાં પણ વસ્તીનો મોટો ભાગ વિકાસના લાભોથી વંચિત રહે તેવી સંભાવના છે અને દેશને પર્યાવરણીય નુકસાન થશે તે બાબત પણ ગંભીર છે તેથી કાપડઉદ્યોગનો અભ્યાસ કરવો જરૂરી છે. પ્રસ્તુત પેપર‘૨૧મી સદીમાં ખાદીનો બદલાતો પરિપ્રેક્ષ્ય’રજુ કરેલ છે.

**૩ હેતુઓ**:-

1. ખાદી અને મિલ દ્વારા કાપડઉદ્યોગની ઉત્પાદન પદ્ધતિઓનો તુલનાત્મક રીતે સમજવી.
2. ખાદી અને મિલકાપડના ઉત્પાદનમાં વપરાતાં માનવશ્રમ અને ઊર્જાની જાણકારી મેળવવી.
3. ખાદી અને મિલનાકાપડ ઉત્પાદનને પર્યાવરણના સંદર્ભમાં સમજવું..
4. ખાદી અને મિલકાપડ ઉદ્યોગને રોજગારીના સંદર્ભમાં સમજવી
5. ખાદીના અને મિલના કામદારોનીજીવન શૈલીની જાણકારી મેળવવી.

**૪ માહિતીનું એકત્રીકરણ**:-

**(અ) પ્રાથમિક માહિતી**

ખાદી અને મિલમાં કામ કરતા કામદારોની મુલાકાત લેવામાં આવી અને તેમની અનુસૂચિ ભરવામાં સાથે ખાદી ગ્રામદ્યોગોની અને અરવિંદ મિલની મુલાકાતો તેમના સંચાલકો પાસેથી માહિતી એકત્રિત કરવામાં આવી.

**(બ) ગૌણ માહિતી**:

ગૌણ માહિતી પણ ઘણી અગત્યની છે. ગૌણ માહિતી માટે ગુજરાત ખાદી-ગ્રામોધોગ બોર્ડના વાર્ષિક અહેવાલો, રજતજયંતિ અંક,ખરીદ-વેચાણ વિભાગના અહેવાલો,રાષ્ટ્રીય ખાદી નિગમના અહેવાલો, ખાદી ગ્રામદ્યોગના વાર્ષિક અહેવાલો,સરકારી,અર્ધસરકારી પ્રકાશનો, ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી સામયિકો, પુસ્તકો, વર્તમાનપત્રો,આંતરરાષ્ટ્રીય સંશોધનની સંક્ષિપ્ત માહિતી, ખાદી સંશોધનસંસ્થાના પ્રકાશનો વગેરે પ્રકાશિત સાહિત્યમાંથી તથા ખાદી અને અરવિંદ મિલના અહેવાલો મેળવવામાં આવ્યા.મેળવેલ માહિતીને PSPPજેવા સોફ્ટવેરમાં ગોઠવીને હેતુ અને પરિકલ્પના મુજબનાં પરિણામો મેળવવામાં આવ્યા.

**પસાહિત્યસમીક્ષા** -

અભ્યાસને અનુરૂપ સાહિત્યનું વાંચન કરવામાં આવ્યું ત્યાર બાદ તે સાહિત્યને બે વિભાગમાં વહેચવામાં આવ્યું

**૧ ૨૦મી સદીના અભ્યાસો**

આ સદીમાં મુખ્ય અભ્યાસમાં ડૉ. રાજેન્દ્ર પ્રસાદ, રીચાર્ડ ગ્રેગે, સુનીલ રાયે, એલ.સી.જાની અશોક દેસાઈએ ખાદીને ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં જોઈ ખાદીની સફળતા અને નિષ્ફળતાના સંદર્ભમાં સમજ આપે છે.

**૨ ૨૧મી સદીના અભ્યાસો**

શંભુ પ્રસાદ, એસ.રોહિની, ડૉ.અંજુમન, સુદર્શન આયંગાર અને નિમિષા શુક્લએ ખાદીના અભ્યાસમાં થોડો બદલાવ જોવા મળે છે સુદર્શન આયંગાર અને નિમિષા શુક્લ દ્વારા તાજેતરમાં ખાદીને ઊર્જા બચતઉત્પાદન પદ્ધતિના સંદર્ભમાં અભ્યાસ કરવામાં આવ્યો જેમાં ખાદીને એક નવા જ પરિપ્રેક્ષ્યમાં જોવામાં આવી. ૨૧મી સદીમાં ખાદીને ઉત્પાદકતા સિવાય અન્ય પરિપ્રેક્ષ્યમાં જોવી જરૂરી છે તેથી આ અભ્યાસમાં આ બાબત પર વધુ ભાર મુક્યો છે

**૬ મહત્વનાં તારણો**

અભ્યાસનાં તારણોને પાંચ વિભાગમાં વહેચવામાં આવ્યાં છે

**૧ કાપડઉદ્યોગમાં ઊર્જાવપરાશ**

- વિશ્વમાં ઈટાલી એક એવો દેશ છે, જયાં કાંતણની પ્રક્રિયામાં થયેલા કુલ ખર્ચનો ૨૮ ટકા ખર્ચ શ્રમ પાછળ થાય છે.
- ભારતમાં કાપડના ઉત્પાદનમાં યંત્રનો વધારે ઉપયોગ કરવામાં આવે છે.
- વાઈડિંગની પ્રક્રિયામાં ચીન વીજળી પાછળ વધુ ખર્ચ કરે છે.
- ભારતમાં કાપડઉદ્યોગમાં મૂડીખર્ચ વધુ કરવામાં આવે છે.
- ભારતમાં તમામ ખર્ચ કરતાં શ્રમખર્ચ નીચું જોવા મળે છે,કુલ ખર્ચના લગભગ ૨૨ ટકા ખર્ચ વીજળી પાછળ થતુંજોવા મળે છે

- ભારતમાં પેદા કરવામાં આવતા કુલ કાપડના માત્ર બે ટકા જેટલું કાપડ ખાદીઉદ્યોગ દ્વારા કાપડનું ઉત્પાદન કરવામાં આવશે
- ભારતમાં કાપડના ઉત્પાદનમાં અધિશેષ જોવા મળે છે ભારતની મિલો ભારતના લોકોની કાપડની જરૂરિયાત કરતા અનેક ગણું કાપડ ઉત્પન્ન કરે છે.
- મિલકામદારોની ઉત્પાદકતા ખાદીકામદારો કરતાં વધારે છે, વધારે ઉત્પાદકતા રોજગારીમાં ઘટાડો કરે છે
- ખાદીનાઉદ્યોગમાં વીજળીનો ઉપયોગથતો નથી.
- મિલમાંયંત્ર ચલવવા માટે વીજળીનો ઉપોયગ જરૂરી બને છે તેથી તેનો ખર્ચ પણ મિલો કરે છે. વાર્ષિક ૫૦ કરોડ યુનિટ કરતાં પણ વધુ વીજળી અરવિદ મિલમાં વાપરવામાં આવે છે
- મિલમાં એક મીટર કાપડના ઉત્પાદન પાછળ ૧.૬૬ K.w પાવર વીજળીનો વપરાશ કરવામાં આવે છે.

**૨ કામદારોની જીવનશૈલી**

- મિલઉદ્યોગ સ્થળાંતરને ઉત્તેજન આપે છે. જ્યારે ખાદી ઉદ્યોગ સ્થળાંતરનેરોકે છે.
- અરવિંદ મિલમાં સામજિક, શેક્ષણિક પછાત જ્ઞાતિના લોકો વધુ રોજગારી મેળવે છે. જ્યારે ખાદી ઉદ્યોગમાંઅનુસૂચિજાતિનાકામદારોનું પ્રમાણ વધારે છે
- ખાદીઉદ્યોગની કામગીરી સરળ અને મોટી ઉંમરના લોકો કરીશકે એવી હોવાથી ૪૫થી વધુ ઉંમરના કામદારોની સંખ્યા પણ જોવા મળે છે.
- અરવિંદ મિલના કામદારોની વાર્ષિક આવક વધુ જોવા મળે છે..
- અરવિંદમિલના કામદારોનું શિક્ષણ માધ્યમિકકે તેથી વધુ જોવા મળે છે.ખાદીઉદ્યોગમાં પ્રાથમિક શિક્ષણ મેળવેલકામદારોનું પ્રમાણ વધુ છે.
- ખાદીઉદ્યોગનાકામદારોનું કુટુંબનું કદ મોટું જોવા મળે છે જયારે ખાદીઉદ્યોગસંયુક્ત કુટુંબ પ્રથાને ઉત્તેજન આપે છે.
- અરવિંદ મિલનાં કુટુંબનું શિક્ષણ ખાદી ઉદ્યોગનાકામદારો કરતાં વધુ જોવા મળે છે.
- અરવિંદ મિલના મોટાભાગના કામદારો સ્થળાંતર કરીને પોતાનું વતન છોડીને આવેલા છે.
- ખાદીઉદ્યોગકામદારનાકુટુંબના સભ્યો કૃષિ અને પશુપાલનમાંથી રોજગારી મેળવે છે

**૩ ઉદ્યોગ અંગેનાં તારણો**

- મિલઉદ્યોગમાં કામદારો વધુ સમય સુધી કામ કરી શકતા નથી, લાંબાગળેમિલનુંવહીવટીતંત્રકામદારોનીકાર્યક્ષમતા ઘટતાછૂટા કરે છેજયારે ખાદીઉદ્યોગમાં લાંબાગાળા સુધી કામદારો ટકી રહે છે.
- ખાદીઉધોગના સંચાલકો કામદારોને પોતાનાં કુટુંબી સમજીને દરેક સમયે જરૂરી નાણાકીય મદદ કરે છે
- મિલ કામદારોને મોટા ભાગે સંચાલકો ઓળખાતા પણ નથી તેથી કામદારો સાથે માત્ર કામની જરૂરિયાત પૂરતાંજ વ્યવાહર રાખે છે
- અરવિંદ મિલમાં કામ દરમ્યાન થયેલ અકસ્માતમાં શરીરનું અંગ કપાઈ જવું અથવા નકામું થઈ જવાની સંભાવના રહે છે.
- મિલ કામદારોને પાળી બદલાના લીધે શરીરમાં સતત થાક અને માનસિક તણાવની સમસ્યા ઊભી થાય છે.
- મિલમાં કામ કરવાથી શરીર નબળું પડે છે અને ઘરના સભ્યોનો સહવાસ પણ જળવાતો નથી.
- મિલના કામદારોની રોગ પ્રતિકારક શક્તિમાં ઘટાડો થાય છે.
- મિલના કામદારોને સરેરાશ વેતન ઊચુ પ્રાપ્ત થતું નથી.
- વેતનની બાબતમાં ખાદીકામદારોમાં અસંતોષ છે.

- મિલમાં મિલકામદારોએ યંત્ર સાથે કામ કરવાનું હોવાથી લક્ષ્યાંક આપવામાં આવતો નથી.ખાદીઉદ્યોગના કામદારો લક્ષ્યાંક મુજબ કામ કરતા શક્તિ અને સમયનો યોગ્ય ઉપયોગ થાય છે.
- મિલના કામદારો પ્રત્યે ઉપરી અધિકારીઓ આત્મીયતાભર્યું વલણ રાખતા નથી.
- ખાદીઉદ્યોગના કામદારોપ્રત્યે ઉપરી અધિકારીઓ માનવતા અને આત્મીયતાભર્યું વલણ ધરાવે છે.
- મિલકામદારો પોતાની પાળી સિવાયના કામદારો સાથે કોઈ જ પ્રકારના સંબંધ રાખતા નથી.
- ખાદી કામદારો એકબીજા સાથે કૌટુંબિક ભાવથી વર્તન કરે છે.

**૪ જીવનનિર્વાહ**

- બન્ને ઉદ્યોગમાં કરાર આધારિત ભરતી થતી હોવાથી કામદારો અસુરક્ષાનો અનુભવ વધુ કરે છે.
- મિલકામદારોને વૈકલ્પિક રોજગારીનાં સાધનોના અભાવ જોવા મળે છે.
- ખાદીકામદારોમાં વૈકલ્પિક રોજગારીનાં સાધનોઅસ્તિત્વ ધરાવે છે.
- મિલ કામદારોને પોતાનો ધંધો અને અન્ય મિલમાં કામ કરવા સિવાય અન્ય કોઈ વૈકલ્પિક રોજગારીના માધ્યમની પ્રાપ્તિ નથી.
- મિલકામદારો પોતાના જીવનનિર્વાહ માટે જ મિલમાં કામ કરે છે.
- ખાદીઉદ્યોગના કામદારોને ખાદીના કામમાં વધુ રસ હોય છે.
- મિલકામદારો ઘરમાં ટકાઉ ચીજો વસાવવાનું પ્રમાણ વધ્યું છે.
- પ્રવાસ અને હરવાફરવાની સુવિધામાં મિલકામદારો કરતાં ખાદીના કામદારોમાં વધારે જોવા મળે છે.
- આવક અને કુટુંબમાં અભ્યાસનું પ્રમાણ વચ્ચે સીધો સંબંધ છે.
- બન્ને ઉદ્યોગના કામદારોમાં ઉદ્યોગમાં જોડાયા બાદ સુધારો થયો છે.
- ખાદી કામદારો કુટુંબ સાથે વધુ સમય વીતાવતા હોવાથી ત્યાં ઝઘડાનું પ્રમાણ ઓછું છે.
- મિલકામદારો વતનથી દૂર રહેતા હોવાથી સામાજિક સંબંધોથી વંચિત રહે છે.

**૫ પર્યાવરણ અંગેનાં તારણો**

- કુદરતી સ્રોતમાંથી વીજળી પ્રાપ્તિમાં વધારો થતો નથી જયારે થર્મલ પાવર અને હાયડ્રો પાવરમાં વધારો થતો જાય છે આ વધારો પર્યાવરણ પર સીધીજ અસર કરે છે અને કુદરતી પર્યાવરણને નુકસાન કરે છે.
- વીજળીનો સૌથી વધુ વપરાશ ઉદ્યોગમાં કરવામાં આવે છે જેથીઉદ્યોગ ઉત્પન કરીને કચરો બહર ફેંકે છે તેના દ્વારા પર્યાવરણને જે નુકસાન થય છે તેના કરતા પણ વધુ તે વીજળીનો વપરાશ કરીને પર્યાવરણને નુકશાન કરતા હોય છે.
- વીજળીના ઉત્પાદન દ્વારા જે ૬૮ ટકા ગ્રીન હાઉસ વાયુનું ઉત્સર્જન થાય છે તેમાં $CO_2$નુંપ્રમાણ90 ટકા જયારે $CH_4$નુંપ્રમાણ9ટકાઅને$N_2O$નું પ્રમાણ1 ટકા જેટલું જોવા મળે છે
- વીજળીમાં પણ જે ૪૨ ટકા $CO_2$ વાયુનું ઉત્સર્જન થાય છે તેમાંઉદ્યોગદ્વારા વીજળીના વપરાશથી વધુ ઉત્સર્જન થવા પામે છે.

**૭ સારાંશ**

આમ આભ્યાસમાં ખાદીને ૨૧મી સદીની જરૂરિયાત ઊર્જા બચાવ અને પર્યાવરણના બચાવને વધારે ઉતેજન આપે છે જેથી દેશમાં ઊર્જા સંકટ અને બેકારીની સમસ્યાને હળવી કરી શક્ય તેમ છે ખાદીમાં હજુ ખાદીને મજબુત બનાવી જરૂરી છે ખાદીના દોર કાચા રહી જતા હોવાથી ખાદીનું કાપડ ગુણવતાની દ્રષ્ટીએ અને ટકાવવું હોતું નથી તેવી ફરિયાદોના નિવારણ માટે ખાદીમાં હજુ યોગ દિશામાં પગલા ભર્યા નથી.ખાદી અને મિલ ઉદ્યોગની ઉત્પાદન પદ્ધતિમાં બહુજ મોટો તફાવત હોવા છતાં બન્ન દ્વારા ઉત્પન કરવામાં આવેલું કાપડ માનવીના કાપડની જરૂરીયાતને

સંતોષ આપે છે. મહાત્મા ગાંધીએ કહ્યું હતું કે, આ પુથ્વી પર આપણી જરૂરિયાતોને સંતોષે તેટલું પેદા થાય છે, તેવીજ રીતે ભારતના લોકોની જરૂરિયાત જેટલું કાપડ ખાદી પેદા કરી શકે તેમ છે, પરંતુ ઔધોગીકરણના પ્રવાહને લીધે ખાદીને સ્થાને મિલ આવતાં અનેક સમસ્યાઓ પેદા થઇ છે જેમાં ખાસ કરીને પર્યાવરણ અને રોજગારીની છે. આ અભ્યાસ દ્વારા એટલી બાબતો સ્પષ્ટ થાય છે કે ખાદીનું યોગ આયોજન કરવામાં આવે તો, ભારતમાં રોજગારી અને પર્યાવરણના પ્રશ્નો હળવા કરી શકાય તેમ છે. ખાદી ૨૧મી સદીમાં ખાદી પર્યાવરણ અને રોજગારીના પરિપ્રેક્ષ્યમાં અપનાવો જરૂરી છે .

સંદર્ભસૂચિ


1. અરોરા,જગતપાલ.(૧૯૮૫).'નાનાગૃહઉદ્યોગોખાદીગ્રામોદ્યોગ',ગુજરાતતાલીમકેન્દ્ર અમદાવાદ,
2. કુમારપ્પા,જે.સી.(૧૯૫૩),'ગ્રામોદ્યોગપ્રવૃત્તિ', નવજીવનપ્રકાશન,અમદાવાદ.૧૪.
3. કુમારપ્પા,જે.સી.(૧૯૫૩),'સર્વોદયદર્શન', નવજીવનપ્રકાશન,અમદાવાદ.
4. કોઠારી,વિઠ્ઠલદાસ.(૧૯૫૭),'અંબરચરખો',ગૂજરાતવિદ્યાપીઠ,અમદાવાદ.
5. કોઠારી,વિઠ્ઠલદાસ.(૧૯૫૮),'હિંદનુંપ્રજાકીયઅર્થશાસ્ત્ર',ગૂજરાતવિદ્યાપીઠ,અમદાવાદ
6. કામોળ,નવલસિંહ.(૨૦૦૩),'ખાદીઉદ્યોગનોઅર્થશાસ્ત્રીયઅભ્યાસ', અપ્રકાશિતશોધનિબંધ.
7. ગાંધીજી,(૧૯૪૧),'સોટકાસ્વદેશી',નવજીવનપ્રકાશન,અમદાવાદ-૧૪
8. ગાંધીજી,(૧૯૫૧),'ચરખાનીવિચારધારા',નવજીવનપ્રકાશન,અમદાવાદ-૧૪
9. ગાંધીજી,(૧૯૬૩),'મારાસ્વપ્નુંભારત',નવજીવનપ્રકાશન, અમદાવાદ-૧૪
10. ગાંધીજી,(૧૯૬૨),'ખાદીશામાટે ?',નવજીવનપ્રકાશન,અમદાવાદ-૧૪
11. ગાંધીજી,(૧૯૯૩),'હિંદસ્વરાજ',નવજીવનપ્રકાશન,અમદાવાદ-૧૪
12. ગાંધીજી,(૧૯૯૪),'સર્વોદય',નવજીવનપ્રકાશન,અમદાવાદ-૧૪
13. ગાંધીજી, (૧૯૯૮),'સત્યનાપ્રયોગો',નવજીવનપ્રકાશન,અમદાવાદ-૧૪
14. ગાંધીજી,(૧૯૯૮),'ગ્રામસ્વરાજ',નવજીવનપ્રકાશન,અમદાવાદ-૧૪
15. ગ્રગ,આર.બી.,(૧૯૩૧),'ખાદીનુંવ્યાપકઅર્થશાસ્ત્ર',નવજીવનપ્રકાશન,અમદાવાદ-૧૪
16. ચરણસિંઘ.(૧૯૯૨),'ભારતનીઆર્થિકનીતિ (ગાંધીવાદીઆયોજન),એલાઈડબુક્સ, અમદાવાદ
17. ટોલ્સટોય,(૧૯૩૪),'ત્યારેકરીશુંશું?'નવજીવનપ્રકાશન,અમદાવાદ-૧૪
18. દેસાઈ,નારાયણ.(૧૯૮૪),'વેડછીનોવડલો,ગ્રામસેવાસમાજ,વ્યારા.
19. નાયક,ઠાકોરભાઈ. ખાદીઅનેગ્રામોદ્યોગદ્વારાગરીબીનિવારણ, ગૂજરાતવિદ્યાપીઠ.
20. પરીખ,નરહરી.(૧૯૪૭),'યંત્રનીમર્યાદા',ગૂજરાતવિદ્યાપીઠ.
21. પરીખ,નરહરી.(૧૯૫૫),'સર્વોદયસમાજનીઝાંખી',ગૂજરાતવિદ્યાપીઠ.
22. મશરૂવાળા,કિશોરલા.(૧૯૪૪),'ગાંધીવિચારદોહન',નવજીવનપ્રકાશન,અમદાવાદ-૧૪
23. વિનોબા.(૧૯૯૭),'સર્વોદયનુંઅર્થકારણ', યજ્ઞપ્રકાશન, વડોદરા.
24. વિનોબા.(૧૯૭૦),'ગાંધી:જેવાજોયાજાણ્યા - વિનોબા',યજ્ઞપ્રકાશન, વડોદરા.
25. શાહ,કાંતિ.(૧૯૮૫),'વિજ્ઞાનયુગનાપરિપ્રેક્ષ્યમાંસર્વોદય આંદોલન', યજ્ઞપ્રકાશન, વડોદરા.
26. Bishnoi,(1991)"Data System for Khadi and VillageIndustries-An Evaluation" Economic and Political Weekly, June,1991.
27. Booth, J. E., (1983), Principles of Textile Testing. Edn. 6, CSB Publishers and Distributors, New Delhi.t
28. Dr. M. Sundarapandian, 'Growth and prospects of Handloom Sector in India', Occasional Paper-22 NABARD,Mumbai.
29. Dutt,R.C. (1906). Economic History of India under Early British Rule. Rutledge and Kegan Paul. London.
30. Desai,Ashok.(1983), "Technology and Market Structure under GovernmentRegulation" (A Case study of Indian Textile industry), Economic and Political Weekly,December,1983.
31. Dr. C.Chandramouli, 'Rural Urban Distribution of Population' (2010-11)
32. Dr.Gohil,M.B.& Mahicha, R.R. (2012), 'Environmental Conservation and Hazard Management',Atul Prakashan,Ahmedabad
33. Dr. Sarakshan Arjun (2011), "An Analysis of Khadi & Village Industry Sectorin J & K", International Journal of Multidisciplinary Research Vol-I, Issue 8, Jammu & Kashmir.

34. Gandhi, M.K. (1947),India of My Dreams. Navajivan Publishing House,Ahmedabad.
35. Gregg,Richard. (1927), Economics of Khaddar. Navjivan Publication, Ahmedabad.
36. Gugnani,Amit,and Sunny,Nikhil.(2012), 'India's Attractiveness as a Key Sourcing Destination' Technopak Advisors Pvt. Ltd.
37. Gugnani,Amit and Bajpai, Anupam. (2016), "Technopak's fashion division team" Technopak Advisors Pvt. Ltd.
38. Gugnani ,Amit and Doda,Aseem (2014), "Textile and Apparel retailing" WhiteAper Future implications for Supply Chain, Technopak Advisors Pvt. Ltd.
39. Gugnani,Amit. and Brahma, Kanti, Prakash.(2015), "The Future of Cotton" Impact on the Fashion Value Chain- Technopak Advisors. Pvt. Ltd.
40. Gugnani,Amit. and Yadav, Lalitkumar. (2013), 'Opening the Door' Opportunities & Challenges for the Garment Industry in Myanmar Technopak Advisors Pvt. Ltd.
41. Jani, L.C. (1988) "Village Industry in Search of Plan Parentage" Economic and Political Weekly,January,1988
42. 'Investors are advised to refer through disclosures made at the end of the Research Report' Motilal Oswal Securities Ltd - 2016
43. Kurlageri, S. D.(2009), Impact of special finishes on mechanical and functional properties of organic cotton fabric. M.H.Sc. Thesis, Univ. Agric. Sci., Dharwad.
44. Murthy, M.S.S., (2001), Study of Coloured Cotton. Deccan Herald, March, 13.
45. Naoroji, Dadabhai. (1918). Poverty and Un-British Rule in India. Ministry of Information and Broadcasting, GOI.
46. Nair, K. Rajendra 'India's Handloom Sector' 11th Five Year .Plan VIII Vol.
47. PesalaBusennu and A. Amarender Reddy. (2011), "A Case Study of Khadi Institute of Rural Development", Journal of Rural Development Vol.30, No.(3) P.P.273-289 NIRD, Hyderabad.
48. Ashok, Parthsrathi. (2005) "Rural Industrialisation Programmed'' (looking at Khadi and ViliageIndusaries Commission), Economic and Political Weekly, October.2005.
49. Planning Commission Govt. of India, 11th Five Year Plan Volume-3
50. Ray,Sunil.(1998),'Vicious circle of Impoverisation woolen Khadi of Rajasthan' Economic and Political Weekly, April,1998, p-788 to 792
51. Ray and Reddy, IGIDRDecomposition of Energy Consumption and Energy Intensity in Indian Manufacturing Industries *www.igidr.ac.in/pdf/publication/WP-2007-020.pdf*
52. Raje, C. P., Gurjar, R.M. and Kawlekar, S. R., (2001), Finishing of cotton fabrics with cellulose enzyme. Indian Textile. Vol.- 111 (6): 37-41.
53. Schumacher E. F. (1973), Small is Beautiful. New York: Harper and Row Publisher
54. Suman and Khambra, K.(2003), Effect of enzyme treatment on physical properties of denim. Synthetic Fibres, 32(4): 23-26.
55. Singhal,Arvind. (2014), 'Global & Indian Textile & Apparel Trade'- Background Information Technopak Advisors. Pvt. Ltd.
56. S. Rohini. (2009), "Whiter Lhadi ?", Economic and Political Weekly,March,2009,p-12 to 15
57. Shambu, Prasad. (2001), "Towards an Understanding of Gandhi's Views on science",Economic and Political Weekly,September,2001
58. Sharma, Yovesh,Chandra.(1999), 'Cotton Khadi in Indian Economy' Navajivan Publishing House,Ahmedabad.
59. Sinha Frances, and Sinha Sanha. (1984), "Woolen Textile Production and KVIC in Hill Areas Development", Economic and Political Weekly,September,1984.
60. Shukla,Rajesh. (2011) 'Census Weaves Rich Handloom Data', The Economic Times, February 7th 2011.
61. Shukla, Nimisha. and Iyengar, Sudarshan. (2014). 'Khadi: Effective Energy Conservation Production Model'
62. United Nations Industrial Development Organization(UNIDO), 1992. Energy Conservation in Textile Industry -Handy manual. Available at: www.unido.org/ fileadmin/ import/ userfiles/ puffk/ textile. pdf.
63. Article : Economic Times, New Delhi, 20 March, 2012
64. Article : Gujarat Samachar, Business World 30 July, 2012.